ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૪-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### કચ્છનો અનુભવ નેપાળને ઉપકારક

નેપાળના ભયાનક ભૂકંપના આફ્ટર શોક સતત ચાલુ રહ્યા છે. બીજે દિવસે પણ ૬.૯ રિક્ટર સ્કેલનો ભૂકંપ આવ્યા પછી પ્રજામાં દહેશત વધુ ઘેરી બની રહે તે સ્વાભાવિક છે. ભૂકંપના આંચકા આવે છે ત્યારે સાક્ષાત્ યમરાજાની સવારી આવી રહી હોય એવું વાતાવરણ સરજાતું હોય છે. નેપાળ મહદંશે પ્રવાસન ઉદ્યોગનું હબ હોવાને કારણે અહીં બરાબર પ્રવાસનની મોસમમાં જ આવેલ ભૂકંપથી દુનિયાભરના પ્રવાસીઓને અસર પહોંચી છે. એક વાર આવી ત્રાસદી આવ્યા પછી તમામ લોકો સલામત સ્થળે ખશી જવાનું અને વિદેશી સહેલાણીઓ વહેલી તકે વતનવાપસીના કાર્યક્રમનું જ વિચારતા હોય છે. આ માટે ભૂકંપગ્રસ્ત રાષ્ટ્ર કે પાડોશી દેશો બેઉ યુદ્ધના ધોરણે કામગીરી ઉપાડે તે જરુરી બની જાય છો. નેપાળમાં પણ એવું જ બન્યું છે. રાહત અને બચાવ કામગીરીની સાથે જ લોકોને સલામત સ્થળે ખસેડવાની પ્રવૃત્તિ આરંભાઇ છે, છતાં ભૂકંપની ત્રાસદી એવડી મોટી છે કે એને પહોંચી વળવામાં સમય તો લાગવાનો જ છે. તેથી ભારતમાં ઉત્તર પ્રદેશ કે ગુજરાત જેવાં રાજયો પોતપોતાના નાગરિકો માટે વિશેષ વ્યવસ્થા જરુર કરે છે પરંતુ એમ છતાં કયારેક દહેશતમાં આવી ગયેલા નાગરિકો અસંતોષ અનુભવતા હોય છે. ભૂકંપ જેવી કુદરતી આફતમાં સર્વોચ્ચ પ્રાથમિકતા તો અસરગ્રસ્ત લોકોને બચાવી લેવાની જ હોય. કાટમાળ નીચે દટાયેલ માણસો પૈકી જીવતા રહેલાં ને વિના વિલંબે બહાર કાઢી હોસ્પિટલ ભેગા કરવા અને એ પછી જ અનુકૂળતાએ સદ્ગત આત્માઓના અંતિમ સંસ્કારની સામૂહિક વ્યવસ્થા કરવી એવો ક્રમ ગોઠવાયો હોય છે. બીજી તરફ જેમને પોતપોતાના વતન તરફ પાછા ફરવાની તાલાવેલી હોય છે એમને પણ સૌ પ્રથમ વૃદ્ધો, મહિલાઓ અને બાળકો તથા બીમાર લોકોને રવાના કર્યા બાદ તંદુરસ્ત નાગરિકોને તક આપવાની જોગવાઇ કરાતી હોય છે. આવા સમયે સૌથી વધુ જરુર માનસિક સંતુલન સાચવી રાખવાની રહે છે. પ્રગતિશીલ રાષ્ટ્રોમાં ભૂકંપ જેવી ત્રાસદી વખતે સૌ પ્રથમ સાઇકોલોજિસ્ટો અને મનોચિકિત્સકોની ટીમ કામે લાગી જતી હોય છે. પ્રજાજનોમાં ફેલાયેલાં બિનજરુરી 'આતંક' (પેનિક) ને શાંત પાડીને રાહત કાર્યો આરંભવાની વધુ સારું પરિણામ સાંપડતું હોય છે. ગુજરાતને ૨૦૦૧માં જે ભયંકર ત્રાસદી અનુભવી હતી તેનો અનુભવ નેપાળની ત્રાસદી વખતે ખપ લાગી શકે એમ છે. આખરે તો માણસે એના અનુભવોમાંથી જ શીખવાનું રહે છે. આપણે ઇચ્છીએ કે કચ્છનો કારમો અનુભવ નેપાળને ઉપકારક નીવડે.

## જી ઈ ક્લબના સહયોગથી
# પ્રેરણા વિદ્યાલય દ્વારા ૧ થી ૧૫ મે દરમ્યાન કલા વિષયક તાલીમ શિબિરનું આયોજન

### તબલાવાદન, ડ્રોઈંગ, ગ્લાસ પેઈન્ટીંગ, કથ્થક, ભરતનાટ્યમ્, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, રાજસ્થાની ડાન્સ, કરાટે, નાટક તથા મહેંદીની તાલીમ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૬

વિયાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય દ્વારા આગામી તા. ૧ થી ૧૫ મે દરમ્યાન કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વેકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. આ વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને કલા તાલીમ શિબિરનું આયોજન કર્યુ છે. તા. ૧ થી ૧૫ મે દરમ્યાન પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫-એ ખાતે સવારે ૮ થી ૧૧ દરમ્યાન તાલીમાર્થીઓને કલાની તાલીમ આપવામાં આવશે. ૮ વર્ષ કે તેથી વધુ વયના ગાંધીનગર કે અન્ય શહેરના રહેવાસી વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ શકશે.

શિબિર અંતર્ગત તબલાવાદન, ડ્રોઈંગ, ગ્લાસ પેઈન્ટીંગ, કથ્થક, ભરતનાટ્યમ્, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, રાજસ્થાની ડાન્સ, કરાટે, નાટક તથા મહેંદીની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

શિબિરમાં પ્રવેશ મેળવવા હેતુ સવારે ૮ થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫-એ ખાતે અથવા મનિષભાઈ ખત્રીનો મોબાઈલ નં. ૯૪૨૬૯૫૯૫૨૨ ના માધ્યમથી સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## ડિઝિટલ ગ્રંથાલયની ઉપયોગિતા વિષય પર પરિસંવાદ યોજાશે

સે-૭ સ્થિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ઈન્ટરનેશનલ કાર્ય શિબિર યોજાશે. શિબિરમાં દેશ વિદેશના તજજ્ઞો ઉપસ્થિત રહેશે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં બે દિવસીય ઈન્ટરનેશનલ કાર્ય શિબિર યોજાશે. આગામી ૧૬ અને ૧૭ મે ના રોજ ડિઝિટલ ગ્રંથાલયની ઉપયોગીતા પર યોજાનાર આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદમાં દેશ વિદેશના તજજ્ઞો ભાગ લેનાર છે. તેમજ શિક્ષણ જગત સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ ગ્રંથપાલો અને અધ્યાપક ગણ ઉપસ્થિત રહેશે. પરિસંવાદમાં ભાગ લેવા માટે www.dspaceworkshop.com પર રજીસ્ટ્રેશન કરી શકાશે. તેમજ પ્રકાશભાઈ ચૌધરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# હોલિસ્ટીક એપ્રોચ માટે પ્રાથમિક શિક્ષકોને મુખ્યમંત્રીનું આહવાન

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે -રંભિક શિક્ષણથી જ બાળમાનસમાં શિક્ષણ -ત્યે વધુને વધુ જિજ્ઞાસા રૂચિ જાગે તેવું હોલિસ્ટીક એ-ેચ સાથેનું વાતાવરણ નિર્માણ કરવા -થમિક શિક્ષકોને ે-રક આહવાન કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, શિક્ષકની નિરીક્ષણ શકિત ઉપરછલ્લી ન હોય, તેણે તો બાળમાનસમાં ખૂંપી જઈને તેની સાથે સહજ માતૃ વાત્સલ્યભાવે ભળી જઈને બાળક શિક્ષણમાં રસ રૂચિ ખિલવે તેવા સંવાહક બનવું જોઈએ.

મુખ્યમંત્રીશ્રીએ સર્વ શિક્ષા અભિયાન દ્વારા યોજાઈ રહેલા શિક્ષક સજ્જતા તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા શિક્ષકો સમક્ષ બાયસેગના માધ્યમથી ે-રણાદાયી ચિંતન રજુ કર્યુ હતું.

રાજયભરના બે લાખથી વધુ -થમિક શિક્ષકોએ શ્રીમતી આનંદીબહેન પટેલના આ સંદેશની ઝિલ્યો હતો.

ગુજરાતમાં શિક્ષણના સ્તરમાં કવોલિટીટીવ ચેઈન્જ લાવવાના



અભિગમ સાથે શિક્ષકોને સજ્જ કરવા અને બાળ પેઢીના સર્વગ્રાહી વિકાસ માટે આ તાલીમ સજ્જતા કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના વિષય નિષ્ણાંતો તજજ્ઞોની સેવાઓનો વિનિયોગ કરવાનો આ ઉપક્રમ સર્વશિક્ષા અભિયાન તહેત હાથ ધરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને આગામી શૈક્ષણિક સત્રના પૂર્વઆયોજન તથા એકટીવિટી બેઈઝડ લર્નીગ સિસ્ટમનું મહત્વ સમજાવતાં કહયું કે, માત્ર પાઠયક્રમનું જ્ઞાન-શિક્ષણ આપીને કાર્યસંતોષ માનવા કરતાં બાળકનો સર્વાંગી વિકાસ થાય, નાગરિક શાસ્ત્ર, ગણિત-વિજ્ઞાનના અભ્યાસને રોજબરોજના જીવનની બાળ સહજ ગતિવિધિઓ સાથે સાંકળી લઈ ગમ્મત સાથે જ્ઞાન-સંપદા બાળકમાં ખિલે તેવી ક્ષમતા વર્ધન જ આપણું ધ્યેય હોવું જોઈએ.

શ્રીમતી આનંદીબહેન પટેલે ઉમેર્યુ કે, ઈન્ફરમેશન ટેકનોલોજીના આ યુગમાં હરેક શાળાઓને કોમ્પ્યુટર સવલત અપાઈ છે ત્યારે બાળકોમાં પણ કોમ્પ્યુટર જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા જગાવીને જે બાળકોને આ ક્ષેત્રમાં વિશેષ રસ-રૂચિ હોય તેને તજજ્ઞતા -પ્ત -શિક્ષકો દ્વારા તાલીમ આપીને ''કોમ્પ્યુટર સેવી'' ભાવિ પેઢી નિર્માણ કરવાનું દાયિત્વ પણ શિક્ષકો નિષ્ઠાપૂર્વક નિભાવે તે આવશ્યક છે.

આ સંદર્ભમાં તેમણે ગાંધી નિર્વાણ દિને સ્વચ્છતા અંગેની રાજયવ્યાપી ચિત્ર સ્પર્ધાથી બાળ સર્જનશકિતને નવો ઓપ આપ્યો છે. તેજ પધ્ધતિએ કોમ્પ્યુટર લિટરસીની કસોટી યોજવાની નેમ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર સંવર્ધન અને સુટેવો કેળવવાના પદાર્થ પાઠ લોકભોગ્ય માધ્યમો નાટકો, વાર્તા, ે-રક -સંગોથી શિખવવાના સંવાહક શિક્ષકો બને તેવી અપિલ પણ કરી હતી.

## હરિની દ્રષ્ટિ...




અંદર જોઈ આવ... !! એક તો આટલી મહેનત કરી કાંઈ થાતું નથી... ને માથે પૈસા માંગી મગજ પણ ખરાબ કરે છે... !!

# સોજા હાઈસ્કૂલનો એક દિવસનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ઉચ્ચત્તર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર



માધ્યમિક વિભાગના ૧૫૦ જેટલા બાળકો હોંશભેર જોડાયા હતા. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં સ્થિત પોળોના જંગલોની મુલાકાત ઉપરાંત વિરેશ્વર મહાદેવ, શારણેશ્વર મહાદેવ, હરણાવી ડેમ, બેરણા વગેરે સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

શાળાના 'કલરવ' ઈકો ક્લબ, બાળ ઊર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના અને એન.સી.સી. યુનિટના બાળકોએ સદર શૈક્ષણિક પર્યટન માણવા સાથે આપણી ધરોહર સમાન સંપત્તિની જાળવણી-જતન-સંરક્ષણ-સંવર્ધન માટે પણ પ્રેરણાયાદી-પ્રશંસનીય-આવકાય-અનુકરણીય પ્રવૃત્તિ હાથ ધરી હતી. બાળકો દ્વારા જોવાલાયક સદર સ્થળોએ સ્વયં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક કચરો અને અન્ય નુકસાનકારક ઘટકો ઉઠાવી તેને એકત્ર કરી તેનો યોગ્ય સંગ્રહ નિકાલ કરવામાં આવ્યો હતો. આવા એક ઉમદા ભગીરથ કાર્યમાં સારસ્વત મિત્રોએ પણ સહકાર-સહયોગ આપ્યો હતો.

## આર. એન. લલિતકલાની તાલીમાર્થીઓએ ભરતનાટ્યમ્ રજુ કર્યુ

ગાંધીનગર, તા. ૨૭

સેકટર-૨૩ આર.એન. લલિતકલા એકેડેમી દ્વારા આરંગ્રેત્રમ્ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુ. શ્રેયા અને કુ. જલ્ધાએ ભરત નાટ્યમ રજુ કર્યુ હતુ.

સેક્ટર-૨૩ નાથીબા કોલેજ સ્થિત ખિમજી વિસરામ હોલમાં આર.સી. પટેલ હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુ. શ્રેયા અને આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની કુ. જલ્ધાએ આરંગેત્રમ્ રજુ કર્યુ હતુ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કૃષ્ણકાન્ત જહા - અધ્યક્ષ કલ્ચરલ ફોરમ ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. બન્ને દિકરીઓને ડૉ. ડી.ટી. કાપડિયાના હસ્તે રૂ. ૨૫૦૦નો ચેક પુરસ્કારરૂપે અર્પણ કરવામાં આવ્યો હતો. કુ. શ્રેયા અને કુ. જલ્ધાને શકુંતલાબેન ઓઝાએ તાલીમ આપી હતી.

# લખાણ એવું હોવું જોઇએ કે જે વાંચનારના મનને હચમચાવી મૂકે, વ્યક્તિના નૈતિક મૂલ્યોને વધુ સુદૃઢ બનાવે

## વાંચન : અધ્યયન : મનન : ચિંતન

નેહલ જયદીપ ગઢવી

હમણાં જ 'વિશ્વ પુસ્તક દિન'ની ઉજવણી કરવામાં આવી. પણ ખરું



પૂછો તો પુસ્તકોનું સ્થાન હવે જોખમમાં મૂકાયું છે ! જે રીતે પર્યાવરણની જાળવણી તેમજ લુપ્ત થઈ રહેલી સંસ્કૃતિની જાળવણી એ બાબતો અનિવાર્ય બની છે તે જ રીતે પુસ્તકોનું સ્થાન પણ આજના યુગમાં કયાંક ભૂલાઇ ગયેલું - ખોવાઇ ગયેલું જણાય છે. કવિશ્રી 'ઉશનસ્' લખે છે :

''કદીક પેગંબરે ઝાંખ્યું સમાધિમાં, ખ્વાબોમાં :
અરે, આ ખ્વાબ ખુલ્લી આંખથી જોવા કિતાબોમાં
ચઢી ઈતિહાસમાં ચૈતન્યની ભરતી અને કિતાબોમાં!
ઊંચી-નીચી અહીં અંકાઇ છે માઝા કિતાબોમાં!
હજારો વર્ષ પહેલાંના પ્રબળ ઉદ્‌ગાર સફરી થૈ,
વટાવી કાળના વગડા પધાર્યા છે કિતાબોમાં!
જહર પી અમૃતે છલક્યા મીરાં જેવા કંઈક કંઠો,
શરાબી જામથીયે કૅફી મયખાનું કિતાબોમાં!
અરે આ શબ્દ - જયાં જયાં એ ગયા, ઈતિહાસને સર્જ્યો,
પ્રજા ઊઠી, પલટિયો કાળ - સૂતા છે કિતાબોમાં!
કબાટેથી કબાટે ગ્રંથઘરમાં બ્હાર ઘૂમતો હું
શકીશ થોડોય ઊતરી અક્ષરે અંદર કિતાબોમાં?
હૃદયની કાપલી કયાં કયાં કરી કૈં કેટલી મૂકવી -
જય હીં હરપૃષ્ઠ નોંધો મૂકવા જેવી કિતાબોમાં?''

આ વિશાળ દુનિયામાં આપણે એકલતા અનુભવીએ છીએ, તેની વેદના આપણને દુ:ખી કરે છે. જગતના દુ:ખો, તકલીફો અને પીડાઓ આપણને મૂઢ બનાવી દે છે. પણ પુસ્તકો વાંચીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે બીજાઓએ પણ - આપણા કરતાંયે મહાન લોકોએ પણ - આપણી જેમ જ વેદના વેઠેલી છે, ખોજ કરેલી છે.

શાયર અમૃત 'ઘાયલ' લખે છે તેમ :

''આ મારી પાસે શસ્ત્ર છે જે શબ્દ નામનું...
છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું.''

આજે આપણે મોબાઈલ, ઈન્ટરનેટ અને કમ્પ્યુટર્સના એવા હાઈટેક યુગમાં જીવી રહ્યા છીએ જયાં ચારેબાજુથી વિચારોનો મારો ચાલી રહ્યો છે. સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ તમામની વચ્ચે આપણા વિચારો અને સિદ્ધાંતોને વળગીને આગળ વધતા રહેવા માટે જો સારા પુસ્તકોનો સાથ નહિ હોય તો આપણે માર ખાઈશું. આપણે અનેક વિષયોનું અધ્યયન - અભ્યાસ કરવાનો છે અને આ અધ્યયન એટલે એક જ ગ્રંથ વાંચવાની સાથોસાથ વારંવાર એને પુનરાવર્તિત કરતા રહેવું પણ આવશ્યક છે. જે ગ્રંથ કે જે પુસ્તકમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને તેને આત્મસાત કરવો તેમ જ જીવનમાં તેને અનુસરવો આપણા માટે આવશ્યક છે. આદિગુરુ શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં આ અધ્યયને સમજાવ્યું છે, તેનું ગણિત જણાવ્યું છે : જેટલું અધ્યયન કે વાંચન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. આપણને જમતાં માત્ર પંદર મિનિટ વધુમાં વધુ અડધો કલાક લાગે પણ એ ખાધેલું પચાવતાં કેટલો સમય લાગે છે? ચાર-પાંચ કલાક. તે જ પ્રમાણે અધ્યયનને માટે રોજ એક કલાક પૂરતો છે. ત્યારબાદ તેનું મનન કરવું કે જેથી બહુ ખાઈ લઈને પચાવ્યું નહિ, તે મુજબ શરીરની જે હાલત થાય તે બુદ્ધિની ન થાય. વિનોબા ભાવે લખે છે કે, ''જેમ અન્ન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા માટે રોજેરોજ જ્ઞાન મેળવવાની યોજના હોવી જોઈએ. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ. દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને અધ્યયનમાં જાતને પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં, બસ અધ્યયન, મનન, ચિંતન. આમ કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, ઉત્સાહ મળે છે અને કામ કરવાની શક્તિ પણ વધે છે.''

અમૃત 'ઘાયલ' સાહેબની અન્ય એક ચોટદાર શાયરી છે કે,

''આ મારી શાયરી યે સંજીવની છે, 'ઘાયલ';
શાયર હું, પાળિયાને બેઠા કરી શકું છું!''

લખાણ એવું હોવું જોઈએ કે જે વાંચનારના મનને હચમચાવી મૂકે, વ્યક્તિના નૈતિક મૂલ્યોને વધુ સુદૃઢ બનાવે. જે પ્રમાણે કોયલ ગાય છે, તે સૌનું ધ્યાન ખેંચે છે; એને કેળવાયેલા કાનની અપેક્ષા નથી. સુંદર કમળો ખીલે છે, તે સૌનું મન ખેંચી લે છે; એને કેળવાયેલી દૃષ્ટિની અપેક્ષા નથી એ જ પ્રમાણે સાવ અરસિક વ્યક્તિને પણ રસ પડે તેવું સાહિત્ય સર્જન કરે તે જ સાચો કવિ કહેવાય. એક મહાન લેખકના શબ્દો જેટલાં શક્તિશાળી શસ્ત્રો કોઈ પણ સરકાર પાસે નથી. યોગ્ય શબ્દો એ જગતે જોયેલું પરિવર્તન માટેનું સૌથી શક્તિશાળી સાધન છે. લોકોના ચિત્તમાં શબ્દોનો સાચો રણકાર સંભળાય છે ત્યારે, જેને પ્રતિકાર ન કરી શકાય તેવી શક્તિઓ સંચાલિત થાય છે, પ્રગતિ વિના સંસ્કૃતિ નહીં, વિચારો વિના પ્રગતિ નહીં, પુસ્તકો વિના વિચારો નહીં. પુસ્તક મારફત માણસ બીજાના કોઈ પણ અનુભવને પોતાનો કરી શકે છે, પોતાની પસંદગીના યુગમાં જીવી શકે છે, એક જ જિંદગીમં અનેક અવતારો ભોગવી શકે છે. શરદચંદ્ર ચટોપાધ્યાય લખે છે કે, ''મારા દેશમાં, મારી ભાષામાં, એવું મહાન સાહિત્ય જન્મ પામો કે જેની તુલનામાં મારાં લખાણ તુચ્છ લાગે.'' જયારે દરેક લેખક આ જવાબદારી સાથે સભાનતાપૂર્વક લખાણ લખશે ત્યારે સમાજમાં ચોક્કસપણે વૈચારિક ક્રાંતિ આવશે. કવિશ્રી ઉમાશંકર જોષી આ બાબતે ચિંતા દર્શાવતા લખે છે કે :

''ગુજરાતી ભાષાનાં તમામ સામયિકોમાં કવિતા, વાર્તા, ધર્મ અને રાજકારણ એ સિવાયના વિષયોમાં રસ લઈ શકતી રચનાઓ ઓછી જોવા મળે છે. પલટાતા જગતપ્રવાહોનું સ્થિર દૃષ્ટિએ આકલન કરનારી, જીવનના પાયાના પ્રશ્નો સાથે બાથ ભીડનારી, રાગદ્વેષના ઝંઝાવાતો વચ્ચે સત્યને માટે અકંપ ઊભનારી, સમાજ, રાજકારણ, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન એ બધાં ફલકો ઉપર સ્વસ્થપણે વિચારનારી કલમો કયા જંગલમાંથી ઘડી લાવીએ?''

ગુજરાતી શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે તેમ ;

''ગુજરાતી લેખન-સમૃદ્ધિ ઘણી છે. એ સમૃદ્ધિ જલ્દી જોવા - અનુભવવામાં આવતી નથી, તેનું કારણ એની યથાસ્વરુપ પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા મોઢે ખડકાયે જતાં ઢૂંસામાંથી સુરંગી ને પૌષ્ટિક કણ નિરાળા પાડીને બતાવી શકાય, તો જ સમૃદ્ધિનું સત્ય પરખાય.'' સારું લખાણ લખાય એ માટે નાનપણથી જ બાળકને રોજનીશી કે વેકેશન કઈ રીતે માણ્યું કે જીવનની યાદગાર ક્ષણ એવા વિવિધ વિષયો પર લખવાની ટેવ પાડીએ કે જેથી તેમનામાં મૌલિકતા કેળવાય ! અભિવ્યક્તિની બાબતમાં દરેક વ્યક્તિ એકબીજાથી અલગ હોય છે અને તે જ પ્રમાણે દરેક વ્યક્તિનો અભિગમ પણ અલગ હોય છે! આ તમામ બાબતોને શબ્દોમાં પોતાની રીતે ઢાળીને વ્યક્ત કરવાની સૌની શૈલી અલગ હોઈ શકે ! આ પ્રકારે વિચારોનું આદાન-પ્રદાન કરવાથી ચોક્કસપણે વૈચારિક ક્રાંતિ આણી શકાય ! વોટ્સ અપ અને ફૅસબુકના આ યુગમાં તો કાગળમાં લખેલી બે લીટી પર તરત જ પોતાના મિત્રવર્તુળમાં પહોંચાડી શકાય છે. આવા ગ્રુપ પણ વોટ્સ અપ પર ચાલતા હોય છે કે જેમાં સાહિત્યરસિકો ભેગા મળીને પોતાની રચેલી કે અન્ય લેખકની પણ ઉત્કૃષ્ટ કૃતિઓને એકબીજા સાથે **Share** કરે છે. 'ગમે તે ગઝલ' નામનું આવું જ એક ગ્રુપ વિવિધ લેખકો, કવિઓ અને સાહિત્યરસિકોનો સમુહ છે. ડૉ. મનોજ જોષી જેવા સફળ **Admin** સાથે સૌ ઉત્સાહપૂર્વક આવા સાહિત્યિક વિચારોની આપ-લે કરે છે. આ પ્રકારના આવા કેટલાય ગ્રુપ ચાલતા હશે કે જેના દ્વારા **Young generation** ને સાહિત્યમાં રસ લેતા કરવામાં આવતાં હશે. આ પ્રકારની પ્રવૃત્તિ ખરેખર સાહિત્યને જીવંત રાખવા માટે આવશ્યક ગણાય! આવી પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધારો થાય અને સારા પુસ્તકો, સારું સાહિત્ય જાણવાની અને માણવાની એક પ્રથાનો આરંભ થાય એ જ 'પુસ્તક દિન'ની ખરા અર્થમાં ઊજવણી!

